પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૮૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૩-૦૪-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 187 PRICE :-RS. 1.50 DATE : 03-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મહારાષ્ટ્ર સ્થિતિ વણસીઃ કોરોનાના એક દિવસમાં ૪૩,૦૦૦ રેકોર્ડબ્રેક કેસ નોંધાયા

## કોરોનાની બીજી લહેર જીવલેણ, ૬ મહિના બાદ ૮૧ હજાર નવા કેસ

ન્યુ દિલ્હી,
ભારતમાં ૬ મહિના પછી કોરોનાના ૨૪ કલાકમાં ૮૧,૪૬૬ નવા કેસ નોંધાયા છે, ૨ ઓક્ટોબર ૨૦૨૦ના દિવસે દેશમાં ૮૧,૪૮૪ કેસ નોંધાયા હતા અને તે પછી લાંબા સમયે એક સાથે આટલો મોટો આંકડો પહોંચ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારે દેશમાં નવા નોંધાયેલા ૮૧,૦૦૦ કરતા વધુ કેસ સાથે કુલ કેસનો આંકડો ૧,૨૩,૦૩,૧૩૧ થઈ ગયો છે.



વધુ ૪૬૯ લોકોએ પાછલા ૨૪ કલાકમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે જેની સાથે કુલ આંકડો ૧,૬૩,૩૯૬ થઈ ગયો છે. એક દિવસમાં આટલા મૃત્યુઆંક ૬ ડિસેમ્બર પછી પહેલીવાર નોંધાયા છે.

ભારતમાં કોરોનાને હરાવીને સાજા થયેલા લોકોની ટકાવારી ૯૩.૬૭% છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાને હરાવનારા દર્દીઓની સંખ્યા ૧,૧૫,૨૫,૦૩૯ થઈ ગઈ છે. જ્યારે કુલ કોરોના કેસ સામે મૃત્યુઆંકની ટકાવારી ૧.૩૩% છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૬ લાખને પાર કરી ગયો છે. જ્યારે પથી ૬ લાખ સુધી પહોંચતા માત્ર ૪ દિવસનો સમય લાગ્યો છે. આ દેશમાં ચાલી રહેલી કોરોનાની બીજી લહેર દરમિયાન સૌથી ઝડપી એક્ટિવ કેસ વધ્યા છે. ભારતમાં સપ્ટેમ્બર અંતિમ અઠવાડિયા સાથે હાલની સરખામણી થઈ રહી છે, પરંતુ મૃત્યુઆંક તે દિવસો કરતા ઘણો નીચો છે. ૧ એપ્રિલના રોજ ૪૬૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જ્યારે ૧ ઓક્ટોબરે ૧,૧૦૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો હતો. તે દિવસોમાં કોરોનાના કારણે અઠવાડિયા દરમિયાન થતા મૃત્યુનો સરેરાશ આંકડો ૧,૦૬૮ પહોંચ્યો હતો.

ગુરુવારે મહારાષ્ટ્રમાં એક દિવસમાં નોંધાતા કેસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. રાજ્યમાં ગુરુવારે ૪૩,૧૮૩ કેસ નોંધાયા છે. જે કોરોનાની મહામારી આવ્યા પછીના રાજ્યમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે. રાજ્યમાં નવા નોંધાયેલા ૪૩,૦૦૦ કરતા વધુ કેસ સાથે કુલ કેસનો આંકડો ૨૮,૫૬,૧૬૩ પર પહોંચી ગયો છે. મહારાષ્ટ્રમાં વધુ ૨૪૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જેની સાથે કુલ મૃત્યુઆંક ૫૪,૮૯૮ પર પહોંચ્યો છે. મહારાષ્ટ્રની સાથે રાજ્યની રાજધાની મુંબઈમાં પણ રેકોર્ડ ૮,૬૪૬ નવા કેસ નોંધાયા છે.

કોરોના રસીની વાત કરીએ તો રસીકરણના હાલના તબક્કે ૪૫ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવામાં આવી રહી છે. દેશમાં ૪૫ વર્ષથી વધુની ઉંમરના લોકોની સંખ્યા લગભગ ૩૪ કરોડ છે. કેન્દ્રે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આ વર્ગના લોકોને ૧૫ દિવસની અંદર રસી લગાવવાનું કહ્યું છે. જો કે, કેટલાક લોકોને અત્યાર સુધી રસી લાગી પણ ચૂકી છે. કેમ કે, સ્વાસ્થ્યકર્મી અને ફ્રન્ટલાઈન વર્કર્સમાં પણ આ ઉંમરના લોકો સામેલ છે.

### દેશમાં ૧૨ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૬ લાખ લોકોને કોરોના વેક્સિન અપાઈ

દેશમાં કોરોના વાયરસના વધતાં કેસોની વચ્ચે કેન્દ્ર સરકારે વેક્સિનેશન ઝડપી બનાવ્યું છે. કાલે એક જ દિવસમાં ૩૬,૭૧,૨૪૨ લોકોને કોરોના વેક્સિન લગાવવામાં આવી, જે એક રેકોર્ડ છે. દેશમાં ૧ એપ્રિલ સુધી ૬,૮૭,૮૯,૧૩૮ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. આ માહિતી કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આપી છે. કોરોના વિરુદ્ધ કેન્દ્ર સરકારે અભિયાન ઝડપી બનાવ્યું છે. અપ્રિલમાં સરકારી રજાઓમાં પણ દરેક સેન્ટરે કોરોનાની વેક્સિન લગાવવામાં આવશે.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે પર ટોલ ટેક્સમાં વધારો, વાહન ચાલકો નારાજ

વડોદરા/અમદાવાદ,
કોરોના મહામારી વચ્ચે સરકાર તરફથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારાના કારણે વિવિધ ચીજવસ્તુઓની કિંમતમાં વધતા મોંઘવારીએ માજા મૂકી છે, ત્યાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટોલેટેક્સમાં વધારો ઝીંકાતા વાહન ચાલકોને વધારાનો આર્થિક બોજો સહન કરવો પડશે.




આ અંગે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટોલ ટેક્સનો કોન્ટ્રાક્ટ ધરાવતી આઈઆરબી કંપનીએ કરેલી જાહેરાત મુજબ, ૧ એપ્રિલથી કાર, જીપ ઉપરાંત વાન સહિતના તમામ વાહનો પર ટોલ ટેક્સમાં વધારો કરવામાં આવ્યો છે. નવા ટોલ ટેક્સ મુજબ, કાર, જીપ અને વાન સહિતના વાહનોએ સિંગલ ટ્રિપ માટે ૧૧૦ રૂપિયાની જગ્યાએ ૧૧૫ રૂપિયા ચૂકવવા પડશે. આ સિવાય બસ અને ટ્રક માટે સિંગલ ટ્રિપના ૩૮૦ રૂપિયાના બદલે ૩૯૦ રૂપિયાનો ટોલ વસૂલવામાં આવશે. જ્યારે ૪ થી ૬ એક્સેલ ટ્રક માટે ૫૯૫ના બદલે ૬૧૦ રૂપિયા સિંગલ ટ્રિપ માટે ટોલ ટેક્સ ભરવો પડશે.

જણાવી દઈએ કે, એક્સપ્રેસ વે ઉપરથી ગણતરીના કલાકોમાં અમદાવાદથી વડોદરા પહોંચી જતું હોવાથી મોટી સંખ્યામાં લોકો પોતાના અંગત વાહનોમાં એક્સપ્રેસ વે પરથી પસાર થાય છે. જો કે ટોલટેક્સમાં ભાવવધારો કરવામાં આવતા આવા વાહન ચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આટલું જ નહીં ટોલ ટેક્સમાં વધારો ઝીંકાતા મોટા વાહનો અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે જોડાયેલા લોકોને પડ્યા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે. એક તરફ પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ ટોલ ટેક્સમાં પણ વધારો કરવામાં આવતા વાહન ચાલકો અને ટ્રાન્સપોર્ટરો પરેશાન થયા છે.

## દિલ્હીમાં કોઈ પણ પ્રકારનું લોકડાઉન લાગુ નહિ થાયઃ કેજરીવાલની સ્પષ્ટતા

ન્યુ દિલ્હી,
દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે શુક્રવારે પોતાના એક નિવેદનમાં સ્પષ્ટ કરી દીધું હતું કે રાજધાની દિલ્હીમાં કોરોનાની હાલમાં જે લહેર ચાલી રહી છે, તે અગાઉની લહેર કરતાં વધુ ગંભીર નથી, માટે રાજધાનીમાં કોઈ પણ પ્રકારનું લોકડાઉન નહીં લગાવવામાં આવે. સીએમ કેજરીવાલે કહ્યું હતું કે અમે



સ્થિતિની સમીક્ષા કરીશું અને જરૂર પડી તો ચર્ચા વિચારણા કર્યા પછી જ કોઈ નિર્ણય લઈશું.

કેજરીવાલે કહ્યું હતું કે કોરોનાના વધતાં કેસોને લઈને દિલ્હીની આપ સરકાર સતર્ક છે, અને સંક્રમણને રોકવા માટે અને નિયંત્રિત કરવા માટેના દરેક પગલા ઉપાડી રહી છે, મહત્વનું છે કે રાજધાનીમાં કેસો વધતાં સીએમ કેજરીવાલે એક ઈમરજન્સી બેઠક બોલાવી હતી અને આ બેઠકમાં સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓની સાથે આરોગ્ય મંત્રી સત્યેંદ્ર જૈન પણ સામેલ થયા હતા.

સીએમ કેજરીવાલે કહ્યું હતું કે હાલમાં લગભગ ત્રણ મહિનાથી રસીકરણ ચાલી રહ્યું છે અને અત્યાર બધી જ હોસ્પિટલોમાં અને સ્વાસ્થ્ય કેન્દ્રો પર રસી આપવાણી છૂટ મળી જવી જોઈએ, તેમણે કહ્યું હતું કે હવે સાઈડ ઈફેક્ટ ઓછા થઈ રહ્યા છે.

સીએમ કેજરીવાલે કહ્યું હતું કે લોકડાઉનની કોઈ જ યોજના નથી, પણ રાજધાનીમાં વધેલા દર્દીઓની સંખ્યાને જોતાં હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ, ઑક્સીજન, વેન્ટિલેટર વગેરેની સંખ્યા વધારવાને લઈને ચર્ચા કરવામાં આવી હતી. આની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ, અને લોકોને અપીલ છે કે તેઓ માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરે અને રસી લગાવડાવે.

## ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા નિયત કાર્યક્રમ મુજબ જ યોજાશે

ગાંધીનગર,
કોરોનાની મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ની તારીખમાં ફેરબદલી કરવામાં આવી છે. તેવો પરિપત્ર સોશિયલ મીડિયા પર થયો વાયરલ થયો હતો. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શિક્ષણ બોર્ડના લેટર પર પરીક્ષા જૂન માસમાં યોજાશે તેવો લેટર થયો ફરતો થયો હતો. બીજી તરફ રાજ્યના શિક્ષણ બોર્ડ આ લેટર ફેક હોવાનો કર્યો દાવો, શિક્ષણ બોર્ડ કોઈ પરીક્ષાની તારીખ માં ફેરબદલી કરી નથી.

આગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરેલા બોડની પરીક્ષા ના ટાઈમ ટેબલ હેઠળ પરીક્ષા લેવાશે, બોર્ડ વાલીઓ અને વિધાર્થીઓ ને કરી અપીલ કોઈ ફેક લેટર પર વિશ્વાસ કરવો નહીં પરીક્ષાની તારીખમાં કોઈ ફેરબદલી કરવામાં આવી નથી. કોરોનાની મહામારી વચ્ચે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનો ફેક લેટર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જે અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ લેટર ફેક ગણાવ્યો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યુ હતુ કે, ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખો અંગે કોઈએ બોગસ મેસેજ બનાવીને સોશિયલ મીડિયામાં ફરતો કર્યો છે. પહેલી એપ્રિલનો મેસેજ કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને એપ્રિલ ફૂલ બનાવવાનો પ્રયાસ કરેલ છે. તેમજ ગેરમાર્ગે દોરવાનો નિંદનીય પ્રયાસ કર્યો છે. ત્યારે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તેના નિયત કાર્યક્રમ મુજબ ૧૦ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમ્યાન લેવામાં આવશે.

## રાજકોટમાં રોકાણકારો સાથે ૫૦ કરોડથી વધુની છેતરપિંડી કરનાર ત્રણ ઝડપાયા

રાજકોટ,
શહેરમાં કરોડો રૂપિયાની છેતરપીંડીનો ભોગ બનેલા અનેક સામાન્ય લોકોની લાંબી લડત બાદ આખરે સમય ટ્રેડીંગ, સાંઈ સમય ટ્રેડીંગ અને આશિષ કો-ઓપરેટીવ સોસાયટી લીમીટેડના ૩ સંચાલકોની પોલીસે ધરપકડ કરી છે. આશિષ ક્રેડિટ કો.ઓપ.સોસાયટીના સંચાલકોએ ૧૧૧ રોકાણકારના ૪.૭૩ કરોડ રૂપિયા ઓળવી ગયાનો મામલો પોલીસ દફતરે નોંધાયો હતો. પરંતુ પોલીસે તપાસ કરતાં આ કૌભાંડનો આંકડો ૫૦ કરોડ સુધી પહોંચ્યો છે. પોલીસે મુખ્ય સંચાલક સહિત ત્રણને ઝડપી લઈ તપાસ શરૂ કરી છે. હાલ તો આ ત્રણેય સંચાલક રકમ શેરબજારમાં ફસાઈ ગયાનું રટણ કરી રહ્યાં છે.

યુનિવર્સિટી પોલીસે એક રોકાણકાર જામનગર રોડ પરસાણાનગર- ૪માં રામદેવપીર મંદિર પાસે રહેતાં અને પ્રાઈવેટ નોકરી-સફાઈ કામ કરતાં રાજેશભાઈ જીવરાજભાઈ વાઘેલાની ફરિયાદ પરથી આશિષ ક્રેડિટ-સમય ટ્રેડિંગના પ્રદિપ ખોડાભાઈ ડાવેરા, દિવ્યેશ અશોકભાઈ કાલાવડીયા અને હિતેષ મનસુખલાલ લુક્કા તથા તપાસમાં ખુલે તેની સામે આઈપીસી ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૨૦ (બી) તથા ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્સ્ટ્રેટ ઓફ ડિપોઝીટ એક્ટની કલમ ૩ મુજબ ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં તપાસને અંતે આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

## ભાજપ નેતાની કારમાંથી EVM મળવાનો આરોપ, ચૂંટણી પંચે ૪ અધિકારીઓને કર્યા સસ્પેન્ડ

ગુવાહાટી/ન્યુ દિલ્હી,
આસામમાં એક ખાનગી કારમાંથી ઈવીએમ મળી આવ્યા બાદ ૪ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ ચૂંટણી પંચે આ હુમલા અંગે સત્તાવાર નિવેદન પણ જારી કર્યું છે. ચૂંટણી પંચે કહ્યું છે કે કાર તૂટી ગઈ હતી અને અધિકારીઓએ કારમાં લિફ્ટ લીધી હતી, ત્યારબાદ કાર માલિકની ઓળખ ભાજપના ઉમેદવાર તરીકે થઈ હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બીયુ, સીયુ અને વીવીપેટને ઈવીએમ સાથે સમાવવામાં આવ્યા છે. મશીન સીલ સાથે અકબંધ હોવાનું માલૂમ પડ્યું હતું કે કોઈપણ જાતનું નુકસાન થયું નથી. જે બાદ તમામ વસ્તુઓ સ્ટ્રોંગ રૂમમાં જમા કરાઈ હતી. ગઈકાલે એક મતદાન અધિકારી ગુમ થયા હતા, જેની તપાસ કરવામાં આવી રહી હતી, જેના કારણે આ કેસ અંગે નિવેદન જારી કરવામાં મોડું થયું હતું.

ચૂંટણી પંચે કહ્યું છે કે આ




મામલે પ્રિઝાઈડિંગ અધિકારીને નોટિસ ફટકારવામાં આવી છે. તેજ સમયે, એક પીઓ અને અન્ય ત્રણ અધિકારીઓને પણ ટ્રાન્સપોર્ટ પ્રોટોકોલના ઉલ્લંઘન માટે આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઈવીએમ સલામત મળી આવ્યા છે, જોકે ઈન્દિરા એમવી સ્કૂલ પોલિંગ બૂથ પર ફરીથી મતદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિશેષ નિરીક્ષકે પણ આ મામલે રિપોર્ટ માંગ્યો છે. ચૂંટણી પંચે કહ્યું કે એનએચ ૮ એ એકમાત્ર રસ્તો છે જે અંતરિયાળ વિસ્તારને કરીમગંજ સાથે જોડે છે. છ વાગ્યે મતદાન પૂર્ણ થયું હતું. તમામ વાહનો પોલિંગ સ્ટેશનથી કરીમગંજ તરફ આવી રહ્યા હતા. રાત્રે ૯ વાગ્યાની આસપાસ પોલિંગ પાર્ટી પરત આવતી કાર ખરાબ થઈ ગઈ હતી, ટ્રાફિકને કારણે વાહન તેના કાફલાથી અલગ થઈ ગયું હતું. મતદાન પક્ષે સેક્ટર અધિકારીને આ બાબતની જાણકારી આપી હતી અને તે સમયસર પહોંચી શકે તે માટે પોતાની જાતે બીજી કારની પણ વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું હતું.

## કુખ્યાત દાઉદ ઈબ્રાહિમનો સાગરિત દાનિશ ચિકના કોટાથી ઝડપાયો

કોટા,
શુક્રવારે કોટા પોલીસને ખૂબ જ મોટી સફળતા મળી છે. કોટા પોલીસે નાર્કોટિક્સ વિભાગની સૂચના પર અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ગેંગમાં જોડાયેલો દાનિશ ચિકના ઉર્ફે ચિકના ફન્ટમની ધરપકડ કરી છે. આરોપી દાનિશ મુંબઈના ડોંગરી વિસ્તારથી ફરાર થયો હતો. શુક્રવારે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ આરોપી દાનિશ મુંબઈના ડોંગરી વિસ્તારમાં હોવાના ઈનપુટ આપ્યા હતા. કોટા પોલીસના અધિકારી વિકાસ પાઠકે જણાવ્યું હતું કે, દાનિશ ચિકના પાસેથી મોટી સંખ્યામાં ચરસ કબજે કરાયું છે. આરોપી સામે ૬થી વધારે હત્યાના કેસ દાખલ છે. દાનિશ ચિકના દાઉદ ગેંગનો મોટો સાગરિત છે. ધરપકડ બાદ મુંબઈ પોલીસે પણ કોટા પોલીસનો સંપર્ક કર્યો છે. દાનિશ મોટા પાયે નશીલા પદાર્થનું નેટવર્ક ચલાવી રહ્યો હતો. આ સાથે જ તે નશીલા પદાર્થો હેરાફેરી પણ કરતો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાઠવા મુક્તાબેન લક્ષ્મણભાઈ
મુ. સાદરા-સેવનીયા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા અરવિંદભાઈ પુજાભાઈ
મુ. પટેલ ફળીયું-સાગારામા, તા. દે.બારીઆ

## અમેરિકાનો પાકિસ્તાનને ઝટકોઃ જળવાયુ પરિવર્તનના દૂત કેરી ભારત, બાંગ્લાદેશની મુલાકાત લેશે

તાઈવાન,
પાકિસ્તાનને ચીન સાથેની મિત્રતા ફરી એકવાર ભારે પડી રહી છે. ચીન સાથે પાકિસ્તાનની વધી રહેલી નજદીકી એ અમેરિકાને દૂર કરી દીધું છે, આ જ કારણ છે કે હવે યુનાઈટેડ સ્ટેટ્સના નવા રાષ્ટ્રપતિ, જો બિડેને પાકિસ્તાનને જોરદાર આંચકો આપ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિના જળવાયુ પરિવર્તન વિશેના વિશેષ દૂત, જ્હોન કેરી ભારત, બાંગ્લાદેશની મુલાકાત લેશે, પરંતુ પાકિસ્તાનની મુલાકાત લેશે નહીં, જે આ વિનાશથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં સામેલ છે. જ્હોન કેરી જળવાયુ પરિવર્તન અંગે ચર્ચા કરવા માટે એપ્રિલ ૧-૯ સુધી



ભારત, બાંગ્લાદેશ અને યુએઈનો પ્રવાસ કરશે.

જળવાયુ પરિવર્તન અંગેની સમિટમાં ઈમરાન ખાનને આમંત્રણ નહીં આપવા બદલ પાકિસ્તાન ફરી એકવાર દુનિયાની સામે શરમજનક બન્યું છે. પાકિસ્તાની અખબાર ડોને તેને પાકિસ્તાન માટે મોટો આંચકો ગણાવ્યો છે. દક્ષિણ એશિયન બાબતોના યુ.એસ. નિષ્ણાત માઈક કુગેલમેને કહ્યું, પાકિસ્તાનને વ્હાઈટ હાઉસની ગ્લોબલ ક્લાયમેટ ચેન્જ સમિટમાં આમંત્રણ નથી અપાયું. યુએસ વાતાવરણના દૂત જ્હોન કેરી ભારત અને બાંગ્લાદેશ જઈને ચર્ચા કરવા જઈ રહ્યા છે. વિદેશ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે કેરીએ આ વર્ષના અંતમાં ૨૨-૨૩ એપ્રિલ અને યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ (સીઓપી ૨૬) વચ્ચે જળવાયુ પરિવર્તન અંગે યુએસ રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા આયોજિત 'લીડર્સ' સમિટ 'પહેલા શોની યાત્રા કરશે.કેરીએ ટ્વીટ કર્યું, હવામાન સંકટને પહોંચી વળવા અમીરાત, ભારત અને બાંગ્લાદેશમાં મિત્રો સાથે અર્થપૂર્ણ ચર્ચાઓ કરવા માટે ઉત્સાહિત છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને હવામાન પરિવર્તનને લગતા મુદ્દા પર વાતચીત કરવાના હેતુસર યોજાનારા 'નેતાઓ' સમિટ 'માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વના ૪૦ નેતાઓને આમંત્રણ આપ્યું છે. આ સમિટનો ઉદ્દેશ્ય આર્થિક લાભ અને જળવાયુ પરિવર્તનને પહોંચી વળવા નક્કર પગલા લેવાના મહત્વને રેખાંકિત કરવાનો છે. વ્હાઈટ હાઉસે ગયા અઠવાડિયે કહ્યું હતું કે ગ્લાસગોમાં આ વર્ષે નવેમ્બરમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની જળવાયુ પરિવર્તન સંમેલન (સીઓપી ૨૬) પસાર થવામાં તે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગરમાં છેલ્લા ૧૧ દિવસમાં રૂા.૧.૬૮ લાખનો દંડ વસુલ :

# કોવિડ ગાઈડલાઈનના ભંગ બદલ ૫૪ વ્યકિતઓ સામે ગુનો દાખલ કરાયો



લુણાવાડા,

માસ્ક એ જ આપણું વેકસિન એ સૂત્રને અપનાવી જાતે સુરક્ષિત રહી બીજાને પણ સુરક્ષિત રાખીએ તેવો સંદેશો અને અપીલ અવાર-નવાર જિલ્લા કલેકટર આર. બી. બારડ દ્વારા કરવામાં આવી રહી છે.

હજુ પણ ઘણા લોકો જાણે કે વેકસિન આવી ગઇ છે એટલે કોરોના ગયો એમ માનીને મનફાવે તેમ બજારમાં માસ્ક પહેર્યા વગર લટાર મારવા, ફરવા કે ખરીદી કરવા નીકળી પડે છે પણ જે લોકો આવું કરી રહ્યા છે. તેઓને ખબર નથી કે કોરોના હજુ ગયો નથી તેનાથી તો તે પોતાને જોખમમાં મૂકે છે પણ બીજાની જિંદગીને પણ જોખમમાં મૂકે છે.

મહીસાગર જિલ્લામાં છેલ્લા કેટલાંય દિવસોથી કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે આ સંક્રમણને વધુ ફેલાતો અટકાવવા માટે જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં જિલ્લા પોલીસ વડા બારોટના પ્રેરક માર્ગદર્શન હેઠળ જિલ્લાના પોલીસ જવાનો કોવિડ ગાઇડલાઇનનું કડકાઈથી પાલન થાય તે માટે કાર્યરત બની ગયું છે.

પોલીસ જવાનો દ્વારા માસ્ક પહેર્યા વગર ઘરની બહાર નીકળતી વ્યકિતઓને પહેલાં તો સમજાવામાં આવે છે કે, માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળો, ગાઇડલાઇનનું પાલન કરો, આમ છતાં પણ જેઓ સમજવા તૈયાર થતા નથી અને માસ્ક પહેર્યા વગર નીકળી પડે છે તેઓની પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે અને ગુના પણ દાખલ કરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં ગત તા. ૨૧-૩-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૧ દરમિયાન એટલે કે માત્ર ૧૧ દિવસમાં જ પોલીસ તંત્ર દ્વારા માસ્ક પહેર્યા વગર બહાર ફરતી ૧૬૮ વ્યકિતઓ પાસેથી રૂા. ૧.૬૮ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જયારે કોવિડ ગાઇડલાઇનના ભંગ બદલના ૫૪ ગુના દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસ તંત્રના જવાનો દ્વારા આ બાજુ દંડ અને ગુના દાખલ કરવામાં આવ્યા હતા. તો બીજી બાજુ પોલીસ જવાનોએ માનવતાનું પણ કામ કરી માસ્ક ન પહેરનાર ૭૬૪૬ વ્યકિતઓને માસ્કનું વિતરણ કરી માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળવા સમજાવવામાં આવ્યા હતા.

જિલ્લામાં આવેલ વિવિધ પોલીસ સ્ટેશન દ્વારા માસ્ક ન પહેરનાર વ્યકિતઓ પાસેથી વસુલ કરવામાં આવેલ દંડ અને કોવિડ લાઇનના ભંગ બદલ દાખલ કરવામાં આવેલ ગુનાની કામગીરીની વિગતો જોઇએ તો લુણાવાડા પોલીસ સ્ટેશન દ્વારા-૩૦ વ્યકિતઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો અને ૩૦ વ્યકિતઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો. આજ રીતે સંતરામપુર-૩૧ અને ૦૪, કડાણા-૨૩ અને ૧૪, બાકોર-૦૮, વિરપુર-૧૭ અને ૦૧, બાલાસિનોર-૨૭ અને ૦૫, કોઠંબા-૧૦ અને જિલ્લા ટ્રાફીક દ્વારા-૨૨ વ્યકિતઓ મળીને ૧૬૮ વ્યકિતઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો અને ૫૪ વ્યકિતઓ સામે ગુના દાખલ કરવામાં આવ્યા છે. આમ, ઘરની બહાર નીકળતા પહેલાં માસ્ક પહેરીને જ ઘરની બહાર નીકળો અને જયારે પણ ઘરની બહાર જાવ ત્યારે ચોકકસ કોવિડ ગાઇડલાઇનનું પાલન કરો.

જો, તમે ઘરની બહાર નીકળતા સમયે માસ્ક પહેરેલો નહીં હોય અને કોવિડ ગાઇડલાઇનનું પાલન નહીં કરો તો પોલીસના જવાનો તમારૂં દંડ અને ગુનો દાખલ કરવા માટે સ્વાગત કરવા માટે તૈયાર જ ઉભી છે. માટે મહીસાગરવાસીઓ સાવધાન થઇ જાવ., ઘરની બહાર નીકળો ત્યારે માસ્ક પહેરીને જ નીકળો અને કોવિડ ગાઇડલાઇનનું પાલન કરી દંડ ભરવામાંથી અને ગુનો દાખલ કરવામાંથી બચો. અને આજ આજના સમયની જરૂરિયાત છે.

# સંતરામપુર નગરના પ્રણામી મંદિર વિસ્તારનાં રહીશો જાતે સફાઈ કરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં આવેલું પ્રણામી મંદિર વિસ્તારમાં ત્યાં સંખ્યાબંધ રાહદારીઓની અવાજ વધુ રહે છે. આ રસ્તા ઉપર ગંદુ પાણી ભરાઈ રહ્યું હતું. કાદવ કીચડ માંથી પસાર થવું પડતું હોય છે. નાછૂટકે સ્થાનિક રહીશો આજે ભેગા મળીને રોડ ઉપરની કાદવ-કીચડ અને જાતે સફાઈ કરી હતી. સ્થાનિક રહીશોમાં નગરપાલિકાના ચીફ ઓફિસર અને કર્મચારી વિસ્તારના ચૂંટાયેલા સભ્યો ઉપર ભારે આક્રોશ દેખાયો હતો. સ્થાનિક રહીશોએ પોતાની વેદ ના વ્યક્ત કરી હતી કે અમે કેટલાક ઘણા સમયથી ચૂંટાયેલા સભ્યો અને નગરપાલિકા વારંવાર રજૂઆત કરવા છતાં નજીવી બાબતે તમારી કામગીરી કરવામાં આવતી નથી. આવા મગર જેવી ચામડીના નગરપાલિકા તંત્ર અને સભ્યો પર સ્થાનિક રહીશોએ ઉચ્ચકક્ષા સુધી રજૂઆત કરવાની વાત કરી છે. જો કાયમી ધોરણે ગંદા પાણીના નિકાલ માટે નું સમસ્યા હલ કરવામાં નહીં આવે તો જાહેર હિતમાં ફરિયાદ અને કયા કારણથી કામ નથી કરતા તેનો લેખિતમાં જણાવો જ પડશે નાછૂટકે સ્થાનિક રહીશોએ આવી કોરાની જેવી ગંભીર વાયરસ ચાલી રહ્યું છે. ત્યારે આરોગ્ય માટે જોખમ ઊભું થયું છે. નાછૂટકે પ્રણામી વિસ્તારના રહીસો ભેગા મળીને સફાઈ કરવા મજબૂર બન્યા જો નગરપાલિકા સફાઈ દિવાબત્તી નજીવી બાબત અમે સેવા પૂરી ન પડતી હોય બીજી બહુ દૂરની વાત છે. આ રીતે સ્થાનિક લોકો પ્રણામી વિસ્તારમાં કાદવ-કીચડ અને ગંદુ પાણી જાતે સાફ કર્યું હતું.

# મહીસાગર જિલ્લામાં આજે ૩૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૪૫૧ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૨૦૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૮ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૪૭૯૮૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૧ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૪૫ દર્દી હોમ આઇસોલેશન, ૮ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૧૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૭૮ દર્દીઓ સ્ટેબલ અને ૨૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૪ વેન્ટીલેટર પર છે.

**તારીખવાર દર્દીઓની સંખ્યા**

| તારીખ | | દર્દી |
|---|---|---|
| ૨૯ | - | ૧૧ |
| ૩૦ | - | ૨૫ |
| ૩૧ | - | ૧૯ |
| ૦૧ | - | ૩૮ |
| ૦૨ | - | ૩૮ |

**મહિસાગર જીલ્લામાં ૨ એપ્રિલના રોજ કોરોનાના કેસ**

| | |
|---|---|
| લુણાવાડા | 03 |
| ખાનપુર | 04 |
| કડાણા | 09 |
| વિરપુર | 05 |
| સંતરામપુર | 10 |
| બાલાસીનોર | 07 |
| સક્રિય કેસો | ૧૭૮ |

# કોઠંબાના ગોડનામુવાડા કુવાની મોટર અને સ્ટાર્ટર તોડી નાંખવા બાબતે બોલાચાલી અને મારામારી કરાતા ફરિયાદ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના ગોડનામુવાડા ગામમાં એક મહિલા અને એક ઈસમ વચ્ચે કુવાની મોટર અને સ્ટાર્ટર તોડી નાંખવા બાબતે બોલાચાલી થતાં ઈસમે ઉશ્કેરાઈને મહિલાને તથા તેના સંબંધિને માર માર્યો હતો.

કોઠંબા તાલુકાના ગોડનામુવાડા ગામના રહેવાસી કાળીબેન માછીએ રમણભાઈ પ્રભુદાસ માછીને તેમના કુવા પરની મોટરનુ મીટર તથા સ્ટાર્ટર તોડી નાંખ્યુ તેમ પુછતા તેણે ઉશ્કેરાઈને ગાળો બોલી લાકડીથી કાળીબેન માછીને બંને હાથના કાંડા ઉપર મારી ઝઘડો કર્યો હતો અને ધમકીઓ આપી હતી.

આ બનાવ અંગે કાળીબેન મોતીભાઈ માછીએ કોઠંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રમણભાઈ પ્રભુદાસ માછી, ધર્મેન્દ્રભાઈ રમણભાઈ માછી, ભાવેશભાઈ રમણભાઈ માછી અને શારદાબેન રમણભાઈ માછી સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા તાલુકા પોલીસે વાહનમાં વધુ મુસાફરો બેસાડીને જાહેરનામાનો ભંગ કરતા એક ઈસમની પરવડી ચોકડી પાસેથી અટકાયત કરી

ગોધરા,

કોરોના મહામારી ને લઈને જિલ્લા કલેકટર દ્વારા વાહનોમાં ચોક્કસ મર્યાદા મુજબ જ મુસાફરો સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેમ બેસાડવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. ત્યારે ગોધરા તાલુકાના પરવડી ચોકડી નજીક એક રિક્ષાચાલક પોતાના વાહનમાં મર્યાદા કરતા વધુ મુસાફરો જાહેરનામાનો ભંગ થાય તેમ બેસાડીને તથા મોઢે માસ્ક ન પહેરીને પસાર થઈ રહ્યો હતો. ત્યારે ગોધરા તાલુકા પોલીસ દ્વારા રાજેન્દ્રભાઈ સંગાડા નામના ઈસમની અટકાયત કરાઈ હતી અને તેઓની સામે જાહેરનામાના ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ૪.૫૦ લાખ અધિગ્રહણ કરાયેલ મંદિરો મુક્ત કરવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ યુવા મોર્ચા દ્વારા આવેદન

ગોધરા,

ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ભારતના સાડા ચાર લાખ થી વધુ મંદિરોને અધિગ્રહણ કરેલ છે. જેને લઈ હિન્દુ સમાજને ઠેસ પહોંચાડી છે. આવા તમામ અધિગ્રહણ કરાયેલ મંદિરો મુકત કરવામાં આવે તેવી માંગ સાથે અખિલ ભારત હિન્દુ યુવા મોર્ચા દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું.

ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા ભારતના સાડા ચાર લાખ (૪.૫૦ લાખ) થી વધુ મંદિરોને અધિગ્રહણ કરેલ છે. જેથી હિન્દુ સમાજની લાગણીઓ ઠેસ પહોંચી છે. ફકત હિન્દુ ધર્મ સાથે ભેદભાવ ધાર્મિક સ્થળોના અધિગ્રહણનો નિયમ તમામ ધર્મને લાગુ પાડવો જોઈએ અથવા અધિગ્રહણ કરાયેલા તમામ મંદિરો મુકત કરીને સમાન હકક આપવામાં આવે તેવી માંગ સાથે ગુજરાત અખિલ ભારત હિન્દુ યુવા મોર્ચાના પ્રમુખ દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું.

# પંચમહાલ સાંસદ દ્વારા રસી મૂકાવી મહીસાગરવાસીઓને કોઈપણ ભય વગર રસી મૂકાવવાનો પ્રેરક સંદેશો આપ્યો



લુણાવાડા,

રાજયભરમાં કોરોના વેકસીનેશનનું અભિયાન પુરજોશમાં ચાલી રહ્યુ છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોરોના પ્રતિરોધક રસીકરણની કામગીરીને જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વેકસિનેશન કાર્યક્રમને એક ઝુંબેશ રૂપે ઉપાડવામાં આવ્યો છે. મહીસાગર જિલ્લામાં તા.૧લીથી ૪૫ વર્ષથી વધુ વયના તમા લોકોને રસીકરણ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે આજે પંચમહાલના સાંસદરતનસિંહ રાઠોડે ઉંદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રખાતે જઈમિડિકલ ઓફિસર ડો. રવિ શેઠના હસ્તે કોવિશિલ્ડકોરોના વેકસીનનો પ્રથમ ડોઝ લઈ અન્યોને પ્રેરણા પૂરી પાડી છે. સાંસદ રાઠોડેએ રસીનો પ્રથમ ફોઝ લીધા બાદ નાગરિકોને પ્રેરક સંદેશો પાઠવતા જણાવ્યું કે,કોરોનાની રસી મુકાવવી ખૂબ જ જરૂરી છે,રસીની કોઈ આડઅસર થતી નથી. મે આજે કોરોનાની રસી મુકાવી છે,અને સંપૂર્ણ સ્વસ્થ છું,રસીની કોઈ જ આડઅસર નથી. જે લોકો કોરોનાની રસી મૂકાવ્યા બાદ માસ્ક પહેરતા નથી તેઓને કોરોનાની રસી મુકાવ્યા પછી પણ આપણે અવશ્ય માસ્ક પહેરવું જોઈએ, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્તરીતે પાલન કરવાનો પણ સંદેશો પાઠવી નાગરિકોને કોઈ પણ ભય રાખ્યા વગર રસી મૂકાવવા અનુરોધ કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૩-૦૪-૨૦૨૧, શનિવાર, ફાગણ વદ-૭, સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૬-૩૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# ભારત બાયોટેકની વેક્સિન કોવેક્સિનના ત્રીજા ડોઝને મંજૂરી મળી

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસની વેક્સીનના હાલ બે ડોઝ આપવામાં આવી રહ્યાં છે. હવે ત્રીજો ડોઝ પણ આપવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તેને બૂસ્ટર ડોઝ કહેવામાં આવશે. નિષ્ણાંતોની એક પેનલે ભારત બાયોટેકની વેક્સીન કોવેક્સીનના ત્રીજા ડોઝને મંજુરી આપી દીધી છે. ત્રીજો બૂસ્ટર ડોઝ બીજા ડોઝ લીધાના ૬ મહિના બાદ આપવામાં આવશે.

આ ત્રીજા ડોઝથી એ ફાયદો થશે કે, કોરોના વાયરસના નવા વેરએંટથી સુરક્ષા મળશે અને નવા સ્ટ્રેન મ્યૂટેશન કરી પેદા નહીં થઈ શકે. નિષ્ણાંતોનું કહેવું છે કે, ભારત બાયોટેક પોતાની વેક્સીન કોવેક્સીનનો તીજો બુસ્ટર ડોઝ એ વોલિંટિયર્સને પહેલા આપવામાં આવે જે તેમના ક્લીનિકલ ટ્રાયલનો ભાગ રહ્યાં છે. ભારત બાયોટેકે સરકાર સામે પ્રસ્તાવ પણ મુક્યો હતો કે, ત્રીજા ડોઝ બાદ કોરોના વિરૂદ્ધ શરીરની ઈમ્યુનિટી અનેક વર્ષો સુધી વધી જશે. ત્યાર બાદ જ નિષ્ણાંતોની પેનલે બૂસ્ટર ડોઝની મંજુરી આપી દીધી છે.

ભારત બાયોટેકના પ્રસ્તાવ પર સબ્જેક્ટ એક્સપર્ટની કમિટીએ કહ્યું હતું કે, બુસ્ટર ડોઝની સ્ટડી બીજા ફેઝના કલીનિકલ ટ્રાયલ વાલા વોલિંટિયર્સ પર કરવામાં આવે. આ વોલિંટિયર્સને કોવેક્સીનની ૬ માઈક્રોગામના બે ડોઝ મળી ચુક્યા છે. બૂસ્ટર ડોઝ એ લોકોને પહેલા આપવામાં આવશે જેમને કોવેક્સીનનો બીજો ડોઝ ગત વર્ષે સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં લીધો હતો. ભારત બાયોટેક આ વોલિંટિયર્સનો ત્રીજો બુસ્ટર ડોઝ આપ્યા બાદ છ મહિના સુધી તેમના પર નજર રાખશે. જેથી કરીને તેમના શરીરમાં કોરોના વિરૂદ્ધ થતા ફેરફારો, ઈમ્યુનિટી ઘટના કે વધવાની સાથે સાથે નવા વેરિએંટથી બચવામાં કેટલી મદદ મળે છે તે જાણી શકાય. સાથે જ થનારી આડ અસરની પણ તપાસ કરવામાં આવશે. આ સ્ટડી રિપોર્ટ ભારત બાયોટેક દ્વારા સરકારની નિષ્ણાંતોની પેનલ સામે રજુ કરવામાં આવશે. કંપની ક્લિનિકલ ટ્રાયલની રિવાઈઝ્ડ રિપોર્ત એક્સપર્ટ પેનલ સામે તપાસ માટે રજુ કરશે. ઉલ્લેખનીય છે કે, લગભગ ૧૯૦ વોલિંટિયર્સે કોવેક્સીનને ૬ માઈક્રોગ્રામના ડોઝ ટ્રાયલના બીજા ફેઝમાં આપવામાં આવ્યા હતાં. આ જાણકારીને કંપની પોતાના ડેટા સાથે સાર્વજનિક પણ કરવામાં આવ્યો હતો.

# કોંગ્રેસ-ડીએમકે જલ્લીકટ્ટુ બંધ કરાવવા માંગતા હતાઃ મોદી



મદુરાઈ,

પીએમ મોદીએ આજે તામિલનાડુના મદુરાઈમાં એક ચૂંટણી સભાને સંબોધન કરીને ડીએમકે તેમજ કોંગ્રેસને આડે હાથ લીધા હતા. તેમણે કહ્યુ હતુ કે, દક્ષિણ તામિલનાડુની સંસ્કૃતિ પર આખા દેશને ગર્વ છે.ડીએમકે અને કોંગ્રેસ પાસે કોઈ એજન્ડા નથી.મતદારો મૂરખા નથી.ડીએમકે અને કોંગ્રેસ પોતાને તામિલ સંસ્કૃતિના રક્ષક ગણાવે છે પણ હકીકત તેનાથી અલગ છે.યુપીએની સરકારે જ તામિલનાડુમાં જલીકટ્ટુ પર બેન મુક્યો હતો.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ૨૦૧૬માં કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં પણ જલીકટ્ટુ પર બેન મુકવાની વાત કરી હતી.જોકે અમારી સરકારે તામિલ સંસ્કૃતિનુ સન્માન કર્યુ હતુ અને જલીકટ્ટુને ચાલુ રાખવા દીધી હતી.કોંગ્રેસ અને ડીએમકે પાસે જુઠ્ઠાણા ચલાવવાની એક કળા છે.આ ધરતીએ મહાત્મા ગાંધીને પણ પ્રભાવિત કર્યા હતા અને દેશને સંખ્યાબંધ મહાપુરુષો પણ આપ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે, દાયકાઓ પહેલા ગુજરાતના સૌરાષ્ટ્રમાંથી અહીંયા સેંકડો લોકો આવ્યા હતા.મદુરાઈના લોકોએ તેમનુ દિલથી સ્વાગત કરીને તેમને અહીંયા જગ્યા આપી હતી.મદુરાઈ ભારતની એકતા અને શ્રેષ્ઠતાનુ પ્રતિક છે.મદુરાઈના લોકોએ હંમેશા એમજી રામચંદ્રમનનો સાથ આપ્યો છે.તેઓ અહીંથી જ જિત્યા હતા.તામિલનાડુમાં એનડીએ સરકાર સુવિધાઓ વધારવા માટે અને રોકાણ વધે તે માટે પ્રયત્નશીલ છે.અહીંના ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસ થઈ રહ્યા છે.તામિલનાડુમાં ૧૬ લાખ લોકોને પાણીના જોડાણો મળ્યા છે.અમારી સરકાર દરેક ઘરે પાણી પહોંચાડવાના પ્રયાસો કરી રહી છે. આગામી વર્ષોમાં અહીંયા ટેકસટાઈલ પાર્ક બનાવવામાં આવશે.

કેરળમાં મોદીએ કહ્યું કે હું અહીં સમજી નથી શક્યો કે કઈ સરકાર ભકતો પર લાકડીઓ વરસાવે છે? કઈ સરકાર વારંવાર પોતાના નાગરિકો પર જ હુમલા કરશે. તેમનો ઈશારો સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર થયેલા વિવાદ તરફ હતો. સુપ્રીમ કોર્ટે સબરીમાલા મંદિરમાં તમામ ઉંમરની મહિલાઓના પ્રવેશની મંજૂરી આપી છે. પરંપરાનો હવાલો આપીને ફેંસલાના વિરોધનાં ઘણા દિવસો સુધી પ્રદર્શન કરવામાં આવ્યું હતુ.

## દૈનિક રાશીફળ

તા.૦૩.૦૪.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- દિવસ આનંદમય પસાર થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. આરોગ્ય સુખાકારી સારી રહે.

વૃષભ (બ.વ.ઉ.) :- ઈષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

મિથુન (ક.છ.ઘ.) :- સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.

કર્ક (ડ.હ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત. ધાર્મિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.

સિંહ (મ.ટ.) :- નાણાંકીય સ્થઈતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.

કન્યા (પ.ઠ.ણ.) :- આકસ્મિક લાભ થાય. પદ-પ્રતિષ્ઠામાં વધારો થઆય. નોકરી-ધંધામાં પ્રગતિ થાય. પત્ની તરફથી શુભ સમાચાર મળે.

તુલા (ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.

વૃશ્ચિક (ન.ય.) :- નાણાંકીય સ્થઈતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઊભા થાય. નોકરી-ધંધામાં રાહત રહે. આરોગ્ય જળવાઈ રહે.

મકર (ખ.જ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે. કુટુંબસુખ ઉત્તમ રહે. આધ્યાત્મિક ક્ષેત્રે રુચિ વધે.

કુંભ (ગ.શ.સ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.

મીન (દ.ચ.ઝ.) :- ઈષ્ટદેવની કૃપાથી મુશ્કેલીમાં રાહત. ધાર્મિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૨૪ કોરોના દર્દીઓના સમાવેશ સાથે કોરોનાનો જિલ્લામાં કુલ આંકડો ૩૧૯૮ને પાર થઈ ચુક્યો છે. ખાસ કરીને દાહોદ શહેરી વિસ્તારમાં કોરોના સંક્રમણ દિનપ્રતિદિન વધુ ફેલાતું હોય તેમ રોજેરોજ આવતાં કેસોને જોઈ લાગી રહ્યું છે. ત્યારે દાહોદવાસીઓએ હવે કોરોના સંક્રમણની ગંભીરતાને ધ્યાનમાં રાખી કમર કસી લેવી પડશે અને માસ્ક, શોસીયડલ ડિસ્ટન્સ અને સેનેટરાઈઝરનો ફરજીયાત ઉપયોગ કરવોજ રહ્યો. આર.ટી.પી.સી.આર.ના ૭૫૪ પૈકી ૧૮ અને રેપીટ ટેસ્ટના ૧૨૬૯ પૈકી ૦૬ મળી આજે ૨૪ કેસો સામે આવ્યાં છે. આ ૨૪ પૈકી દાહોદ અર્બનમાંથી જ ૧૦ કેસોનો સમાવેશ થાય છે જ્યારે દાહોદ ગ્રામ્યમાંથી ૦૨, ઝાલોદ અર્બનમાંથી ૦૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૧ અને સંજેલીમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાંથી વધતાં કેસોની સામે સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે ૧૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે ચિંતાનો વિષય એ પણ છે કે, વધતાં કેસોને કારણે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. એક્ટીવ કેસોની વાત કરીએ તો એક્ટિવ કેસોની સંખ્યા અત્યાર સુધી ૧૭૮ ઉપર પહોંચી ગઈ છે. આજે વધુ એક દર્દીએ કોરોનાથી જીવ ગુમાવતાં મૃત્યુ આંક ૧૦૬ને પાર કરી ગયો છે. દાહોદ જિલ્લામાં હોળી, ધુળેટી બાદ કેસો વધવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે અને હાલ જ્યારે લગ્નસરાની સીઝન પણ ચાલતી હોય ત્યારે દાહોદ શહેરીમાં ખરીદી કરવા માટે આસપાસના ગ્રામીણ વિસ્તારોના લોકોની પણ ભારે ભીડભાડ બજારોમાં જોવા મળી રહી છે. આ સમગ્ર મામલે હવે જાહેર જનતાને પણ જાગૃતતા દાખવી અતિ આવશ્યક બની રહ્યું છે. બજારમાં જતી વેળાએ ફરજીયાત માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવે તે જરૂરી છે.

## ફતેપુરા તાલુકાના બલૈયામા કોરોના સંક્રમણને નાથવા સ્વેચ્છિક લોકડાઉન માટે ગ્રામ પંચાયત દ્વારા ફરમાન

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં દિન-પ્રતિદિન કોરોના સંક્રમણના કેસોમાં વધારો થઈ રહ્યો હોવાનું જાણવા મળે છે. ત્યારે તાલુકા જિલ્લા વહીવટીતંત્ર પણ આ રોગચાળામાં વધારો થાય નહીં તે હેતુથી ખડે પગે કામગીરી કરી રહ્યું છે. ત્યારે પ્રજાએ પણ સરકારની ગાઈડલાઈન મુજબ નિયમોનું ચુસ્ત પાલન કરવું પણ ખૂબ જ જરૂરી છે. ત્યારે ફતેપુરા તાલુકાના બલૈયા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોના સહયોગથી કોરોના સંક્રમણને નાથવા પહેલ કરી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ આજરોજ બલૈયા ગ્રામ પંચાયત ખાતે સરપંચની અધ્યક્ષતામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૩ એપ્રિલ થી ૮ એપ્રિલ-૨૦૨૧ સુધી સ્વૈચ્છીક પણે પોતાના ધંધા-રોજગાર સવારના ૭ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખવા ગ્રામ પંચાયત દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું. જેને ગ્રામજનોએ પણ આવકાર આપ્યો હતો. જોકે ગ્રામ પંચાયત દ્વારા ઠરાવવામાં આવેલ નિયમ મુજબ જો કોઈ વેપારી જણાવેલ સમય પછી પોતાનો ધંધો રોજગાર ચાલુ રાખશે તો તેના પાસેથી ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે તેમ પણ જણાવવામાં આવ્યું છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, બલૈયા ગામમાં આગાઉ કોરોનાથી મોતને ભેટવાના બનાવ પણ બની ચૂકેલા છે.તેમજ હાલમાં પણ ગામમાં કેટલાક લોકો કોરોના ગ્રસ્ત હોવાનું જાણવા મળે છે.ત્યારે રોગચાળો વધુ વકરે નહીં તે હેતુથી બલૈયા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોના સહયોગથી સ્વેચ્છિક પણે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેનું તમામ ગ્રામજનોએ પાલન કરી રોગચાળાને નાથવા સહયોગ આપવા બલૈયા ગ્રામ પંચાયત સત્તાધીશો દ્વારા જણાવવામાં આવ્યું છે.

# દાહોદ જીલ્લામાં બે સ્થળોએ રેડ કરી ૩.૧૭ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં ૨૪ કલાકની અંદર પોલીસે બે જુદી જુદી જગ્યાએ પ્રોહી રેડ કરી કુલ રૂ.૩૧૭,૩૫૦ ના વિદેશી દારૂના જથ્થા સાથે બે ફોર વીલર ગાડી કબજે કર્યાનો જાણવા મળે છે. જ્યારે એક બનાવમાં એકની અટક પણ કરી છે.

પ્રોહીબીશનનો પ્રથમ બનાવ દેવગઢ બારિયા તાલુકાના સાગટાળા પોલીસ મથક વિસ્તાર ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૩૦મી માર્ચના રોજ એક બોલેરો ગાડીનો ચાલક પોતાના કબજાની બોલેરો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો ભરી પસાર થઈ રહ્યો હતો. આ સમયે નાકાબંધીમાં ઉભેલ પોલીસે તેનો પીછો કરતા ગાડીનો ચાલક સ્થળ પર ગાડી મૂકી નાસી ગયો હતો. પોલીસે ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તેમજ બિયર ની બોટલા નંગ ૧૨૨૪ કિંમત રૂપિયા ૧,૪૦,૭૬૦ના વિદેશી દારૂના સાથે ગાડી કબજે લઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીબીશનનો બીજો બનાવ સિંગવડ તાલુકાના રણધીકપુર પોલીસ મથક વિસ્તારમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૧ એપ્રિલના રોજ મનોજભાઈ રાજપુત રહેવાસી વડોદરાનો પોતાના કબજાની સ્વીફ્ટ ફોરવીલર ગાડીમાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે રણધીકપુર પોલીસ મથક હદ વિસ્તારમાં નાકાબંધી કરી ઊભા હતા. તે સમયે ઉપરોક્ત ગાડીનો ચાલક ત્યાંથી પસાર થતાં પોલીસે તેની અટક કરી હતી અને ગાડીની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ ની બોટલો નંગ ૨૭૫ કિંમત રૂપિયા ૧,૭૬,૫૯૦ ના વિદેશી દારૂ સાથે ઉપરોક્ત ચાલકની અટક કરી રણધીકપુર પોલીસે લોહીનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદમાં કોલેજના NSS એકમ દ્વારા દસમૂલ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નવજીવન સાયન્સ કોલેજ દાહોદ ના એન.એસ.એસ. એકમ કોરોના માહામારીમાં સતત સેવાકીય કાર્યો કરી રહ્યું છે. ત્યારે તા.૦૨/૦૪/૨૧ ના રોજ દાહોદ તાલુકા આરોગ્ય કચેરીના સંયુક્ત ઉપક્રમે રાખેલ રસીકરણ કેમ્પ વોર્ડ નં. ૬ દેશાયવાડ, વોર્ડ નં. ૫ શહિદ ભવન ગોધરા રોડ અને બસ સ્ટેશન પર નવજીવન સાયન્સ કોલેજ ના એન.એસ.એસ. એકમ ના સ્વયંસેવકો દ્વારા દસમૂલ આયુર્વેદિક ઉકાળો બનાવી ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું અને દાહોદ નગરજનો ને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઘરે પણ આયુર્વેદિક ઉકાળા નો ઉપયોગ કરે એવો મેસેજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. એન.એસ.એસ.ના સ્વયંસેવકોનું આ કાર્યને લોકો એ બિરદાવ્યું હતું અને મોટી સંખ્યામાં લોકોએ આયુર્વેદિક ઉકાળાનો લાભ લીધો હતો.

## દેવગઢ બારિયા નગરમાંથી એક મોટરસાયકલની ચોરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ

દે.બારીયા,

પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા ગામે માલુ ગામે રહેતા ગેમાભાઈ ધીરાભાઈ રાઠવા ગત તારીખ ૩૧મી માર્ચના દેવગઢબારિયા નગરમાં કોઈ કામ અર્થે આવ્યા હતા તેઓએ પોતાની મોટરસાયકલ સર્કલ બજાર ખાતે લોક મારી વાત કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટર સાયકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ગેમાભાઈ ધીરાભાઈ રાઠવા દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયાના દેગાવાડા ગામે અંગત અદાવતમાં મારમારી સોના-ચાંદીના દાગીના ૧૪ હજારની લુંટ કરતાં ફરિયાદ

દે.બારીયા,

દેવગઢ બારિયા તાલુકાના દેગાવાડા ગામે મહિલા સહિત ૪ જેટલા વ્યક્તિઓએ બે જણાને અંગત અદાવતે મારી તેઓએ પહેરી રાખે સોના-ચાંદીના દાગીના મળી કુલ રૃપિયા ૧૪ હજારની મતાની લૂંટ ચલાવી નાસી જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દેગાવાડા ગામે માળી ફળિયામાં રહેતા અર્જુનભાઈ કલસીંગભાઈ હરીજન, નટવરભાઈ હરીજન મહેન્દ્રભાઈ, નટવરભાઈ હરીજન અને જનતાબેન નટવરભાઈ હરીજન દ્વારા ગત તારીખ ૩૦મી માર્ચના રોજ ધાનપુર તાલુકાના અંદરપુરા ગામે ટેકરી ફળિયામાં રહેતા મોહનભાઈ રામસિંગભાઈ હરીચંદ્ર તથા તેમની સાથેના રોહિતભાઈને અગમ્ય કારણોસર બેફામ બોલી અંગત અદાવતે તેઓને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેઓએ પહેરી રાખેલ ચાંદીનું ભોરીયુ તથા સોનાની વીટી કુલ રૂપિયા ૧૪૦૦૦ની મતાની લૂંટ કરી નાસી જતાં આ સંબંધી લૂંટનો ભોગ બનેલ મોહનભાઈ રામસિંગભાઈ હરીજન દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં મોબાઈલ ચોર ટોળકી સક્રિય લીમડી અને લીમખેડામાં મોબાઈલ ચોરીની ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં જાણે મોબાઈલ ચોર ટોળકી પણ સક્રિય થયું હોય તેમ લાગી રહ્યું છે. બે દિવસ અગાઉ લીમડી નગરમાંથી બે મોબાઈલ ફોનની ચોરી ત્યારે મોબાઈલ મોબાઈલ ચોરીના વધુ બે ગુના લીમખેડા અને લીમડી નગરમાં ફરિયાદ નોંધ આવ્યાનું જાણવા મળે છે.

મોબાઈલ ચોરી નો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં બનવા પામ્યો હતો. જેમાં લીમડી નગરના મસ્જિદ બજાર ખાતે રહેતા કુલદીપ કુમાર રાજેશભાઈ પંચાલ દ્વારા પોતાનો મોબાઈલ ફોન દુકાને ના ગોડાઉનમાં ચાર્જ માટે મૂક્યો હતો આ મોબાઈલની કોઈ અજાણ્યા ઈસમોએ ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે કુલદીપ કુમાર દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મોબાઈલ ચોરી નો બીજો બનાવ લીમખેડા નગરના ચિત્રકૂટ સોસાયટી ખાતે બનવા પામ્યો હતો. જેમાં આ વિસ્તારમાં રહેતા અક્ષય કુમાર અરવિંદભાઈ પંચાલ નો પણ તેમના વિસ્તારમાંથી તેઓનો પણ મોબાઈલ ચોરી કરી થઈ જતાં આ સંબંધ અક્ષય કુમાર દ્વારા લીમખેડા પોલીસ મથકે આ સંબંધે ફરીયાદ નોંધાવી છે.

## ધાનપુરના નાકટી ગામે પશ્રિમ બંગાળના ઝોલાછાપ તબીબને આરોગ્ય વિભાગે ઝડપ્યો

ધાનપુર,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નાકટી ગામમાંથી પશ્રિમ બંગાળનો ઝોલાછાપ તબીબી પ્રેકટ્સિ કરતો વેડ પી.એચ.સી.ના આરોગ્ય સ્ટાફ દ્વારા ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ધાનપુર તાલુકાના વેડ પી.એચ.સી.માં ફરજ બજાવતા ડોકટર અશ્વિનભાઈ રાઠવા તેમજ સ્ટાફ દ્વારા નાકટી ગામમાં તપાસ કરતા મુળ પશ્રિમ બંગાળના રાજયના સીમરપુર ઠાકોર નગરના રહેવાસી અનુપ નીલકમલ વિશ્વાસ(રહે.ટાડિયા ફળિયા)ની તપાસ કરતા તે તબીબી પ્રેકટ્સિ કરતો મળી આવ્યો હતો. અનુપ પાસેથી કોઈ સક્ષમ સંસ્થા મેડિકલ કાઉન્સિલ ગુજરાતનુ કોઈપણ જાતનુ પ્રમાણપત્ર મળ્યુ ન હતુ. તેની પાસેથી કુલ રૂ.૧૯,૨૬૫ની ૩૬ પ્રકારની અલગ અલગ દવાઓ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. અનુપ સામે ગુજરાત મેડિકલ પ્રેકટ્સિ એકટ ૧૯૬૩ની કલમ ૩૫ મુજબ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણમાં પલટો: ઝાકળથી રસ્તા ભીંજાયા



### રાજકોટ, પોરબંદર તથા ગીર સોમનાથ જિલ્લામાં હીટવેવની આગાહી

ગાંધીનગર,

રાજકોટ ગીર સોમનાથ, પોરબંદર, જૂનાગઢ, ભાવનગર અને કચ્છ જિલ્લામાં ઉષ્ણ લહેર ફરી વળી હતી. હવામાન વિભાગે આ ઉનાળો કેવો હશે એની ઝલક આપતી બળબળતી લૂ વરસતાં લોકો સમજી ગયા છે. લોકો શરૂઆતના મહિનાઓથી પડતી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ઘણાંખરા શહેરોમાં તાપમાન અસામાન્ય રીતે ઊંચકાયેલું ન્હોતું છતાં બપોરે તેમજ પવન સાથે લૂ ફૂંકાઈ હતી અને રાજકોટ તો રાજયભરમાં સૌથી ગરમ શહેર બની રહ્યું હતું. બીજી બાજુ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં આજે એકાએક પલટો આવ્યો હોવાની માહિતી મળી રહી છે.

આજે સવારે ગુજરાતના કેટલાક વિસ્તારના વાતાવરણમાં પલટો આવ્યો છે, જેમાં પંચમહાલ, મહિસાગર જિલ્લામાં વાતાવરણ પલટાયું છે, જ્યારે લુણાવાડા, ખાનપુર તાલુકામાં ધુમ્મસ જેવું વાતાવરણ છવાયું છે. અરવલ્લીના બાયડમાં પણ ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ સિવાય નવસારી જિલ્લામાં પણ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. વાદળ છાયું વાતાવરણને કારણે નવસારી જીલ્લાના ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. વાદળછાયું વાતાવરણને કારણે જીલ્લામાં કેરીના પાકને નુકશાનની ખેડૂતોને ભીતિ છે.

આ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૬.૭ ડીગ્રી નોંધાયું છે. આજે વહેલી સવારથી આ જિલ્લાઓના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, સાથે જ સવારે ઝાકળ પડતા અનેક રસ્તાઓ ભીંજાયા છે. બીજા ફાલમાં આવેલી કેરીના પાકને નુકશાનની ખેડૂતોને ભીતિ છે. હવામાન વિભાગે બીજી બાજુ આજથી ગીર, સોમનાથ, કચ્છ, પોરબંદર અને રાજકોટમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી કરી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાતના જામનગર શહેર અને જિલ્લામાં બે દિવસથી મોસમે ફરીથી મિજાજ બદલ્યો છે અને બપોર દરમિયાન કાળઝાળ ગરમી અને વહેલી સવારે ભેજયુક્ત વાતાવરણમાં લઈને ફરીથી મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. એટલું જ માત્ર નહીં પવનની તીવ્રતામાં પણ વધારો નોંધાયો હોવાથી બપોર દરમ્યાન ગરમ લૂ ફેંકાઈ હતી. પ્રતિ કલાકનાં ૪૦ કિ.મી.ની ઝડપે ફૂકાયેલા તોફાની પવનના કારણે શહેરમાં ધૂળની ડમરીઓ ઉડી હતી.

આજે વહેલી સવારે ભારે ઝાકળવર્ષાના કારણે સૂર્યનારાયણના દર્શન મોડા થયા હતાં. તેમ જ માર્ગો પર પાણીના રેલા ઉતારી રહ્યાં હતાં. ધુમ્મસ છવાયું હોવાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. હવામાન વિભાગે આગામી શુક્રવાર અને શનિવારે રાજકોટ, પોરબંદર તથા ગીર સોમનાથ જિલ્લામાં હીટ વેવ કન્ડીશન રહેવાની આગાહી સાથે લોકોને બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવા અપીલ કરી છે.

## ભાવનગરમાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર નરાધમને ૧૦ વર્ષની સખ્ત કેદ

ભાવનગર,

ભાવનગર જીલ્લાનાં સિહોર તાલુકાના અગીયાળી ગામના શખ્સે અન્ય એક શખ્સની મદદગારીથી ૮ વર્ષ પૂર્વે સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારતા જેમાં આરોપી સામે પોકસો એકટ સહિત જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. આ અંગેનો કેસ અદાલતમાં ચાલી જતા અદાલતે મુખ્ય આરોપી સામે ગુનો સાબીત માની ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો હતો. જયારે આ ગુનામાં મદદગારી કરનાર શખ્સનો કેસ ચાલતા દરમ્યાન મૃત્યુ નિપજતા તેને એબેટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

૮ વર્ષ પૂર્વે બની હતી ધટના જે પીપરલા ગામની સીમમાં આવેલ ફરિયાદી-ભોગ બનનારના રહેણાંકના મકાને આરોપીઓ ચિરાગ નભેરામ પંડયા (રે.અગીયાળી), જેરામ ગોરધન જાળેલા (એબેટેડ ઉ.વ.૪૮, રે. દેવલી જુની) સહિતનાઓ હિરો હોન્ડા મોટર સાયકલ પર આવેલા અને મુખ્ય આરોપી ચિરાગ પંડયાએ છરી બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, સગીરાના માતા-પિતાના વાલીપણામાંથી અપહરણ કરી મોટર સાયકલ પર ભાવનગર બસ સ્ટેન્ડે લઈ આવેલ અને ત્યાંથી મુંદ્રા તાલુકાના સમાઘોઘા મુકામે લઈ ગયા હતા.

ત્યાં તા. ૦૪-૦૪-૧૩ સુધી રાખી લગ્ન કરવાની લાલચ આપી, અવારનવાર તેણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો અને તા.૦૪-૦૪-૧૪ના રોજ ભુજ બસ સ્ટેન્ડમાં તેણીને છોડી દીધેલ અને પોતાની વિરૂધ્ધ કોઈ ફરિયાદ કરશો તો તેણીના પરિવારના સભ્યોને મારી નખાશે તેવી ધમકી આપી હતી. તથા અન્ય આરોપી જેરામ ગોરધન જાળેલાએ આ ગુનાના કામમાં મદદગારી કરી હતી.

આ અંગેની ફરિયાદ જે તે સમયે ભાવનગર જીલ્લાનાં ઘોઘા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે ઉકત બંન્ને આરોપીઓ સામે ફરીયાદ નોંધી હતી. આ અંગેનો કેસ આજે ભાવનગરના સ્પેશ્યલ જજ (પોકસો) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ એ.બી. ભોજકની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકિલ ભરત કે વોરાની દલીલો, મૌખિક પુરાવા, દસ્તાવેજી પુરાવા વિગેરે ધ્યાને લઈ આરોપી ચિરાગ નરભેરામ પંડયાને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડા રૂા.૫ હજારનો દંડ કર્યો હતો.

## દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનો ઉપર ભાવ પત્રકના સૂચક બોર્ડ લટકે છે તો ખરા પણ ભાવ દર્શાવવામાં આવતાં નથી

દે.બારીયા,

દે.બારીયા તાલુકા તેમજ સ્થાનિક શહેરમાં કાર્યરત દિનદયાલ પંડીત સસ્તા અનાજની દુકાનો ઉપર નાગરિક પુરવઠા વિભાગના દ્વારા સસ્તા અનાજના ભાવપત્રક સૂચક બોર્ડ ઉપર દરેકે દરેક સસ્તા અનાજના દુકાનદાર પોતાની દુકાન ઉપર તારીખવાર મુજબ ભાવ દર્શાવવાના આદેશને ઘોળી ને પી ગયા છે. તે શા કારણે દરેક માસના હપ્તા પહોંચે છે. તેના કારણે કેમ કે કાર્ડ દીઠ ૧૦ થી ૧૫ રૂપીયા વધારે પડી લેવાય છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનો ઉપર ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીનના કિલો, લીટરના સૂચક ભાવ બોર્ડ ઉપર સરકારી ધારાધોરણ મુજબ લખવામાં આવે તેવું તાલુકાના જીલ્લા પુરવઠાના પદના અધિકારીઓ લેખિત આદેશ જારી કરી સરકારશ્રીના પરિપત્રનું પાલન કરાવે. કેરોસીન તો દુકાનોમાં કયારે આવે છે અને કયારે સગેવગે કરે છે કે પછી બારોબાર એજન્સી માંથી વેચાણ કરી દેવાતું હોય છે. તેમજ દુકાનદારો એપીએલ કાર્ડ ધારકો અનાજ આપવાનું ના પાડતા હોય છે. તે કેટલું વ્યાજબી છે. ભાવપત્રક ઉપરનો અમલ શરૂ કરાશે કે નહિં તે જીલ્લા પુરવઠાના ઉપર છે. એપીએલ કાર્ડ ધારકોને અનાજ મળી રહે તે માટે કડકમાં કડક સૂચન અપાય તેવી એપીએલના કાર્ડ ધારકોની માંગ ઉઠવા પામી છે.

## ગરબાડાના નઢેલાવની યુવતિએ રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લેતા ખળભળાટ

ગરબાડા,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે સગા ભાઈના સાળાની સગાઈ થઈ જતાં તેના પ્રેમમાં ગળાડુબ યુવતિએ રહસ્યમય સંજોગોમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ પ્રકરણમાં પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો નોંધીને આગળ તપાસ હાથ ધરી છે. નઢેલાવ ગામમાં યુવતિ દાહોદ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. આ યુવતિને તેના સગાભાઈના સાળા જોડે પ્રેમ સંબંધ હતો. ત્રણ દિવસ પહેલા દાહોદ કોલેજ જવાનુ કહીને ઘરેથી નીકળેલી યુવતિ ગુમ થઈ ગઈ હતી. તપાસ બાદ તે ભાઈના સાળાના ઘરે હોવાનુ જાણવા મળ્યુ હતુ. જો કે, પ્રેમીની સગાઈ થઈ ગઈ હોવાનુ તેને જાણવા મળ્યુ હોવાથી તે રહસ્યમય સંજોગોમાં પોતાના ઘરે પહોંચી હતી. અને ઘરના વાડામાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જો કે ઘટના પાછળ ઘણા બધા રહસ્યો હોવાના કારણે પોલીસે પિતાની ફરિયાદના આધારે અકસ્માતે મોત અન્વયે ગુનો નોંધીને તેના મૃતદેહનુ પેનલ પોસ્ટમોર્ટમ કરી આગળ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 187

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## મહિસાગર જીલ્લાના લુણાવાડામાં

# બજારો ૧૫ દિવસ સુધી બંધ રખવા આદેશ કરતું વહીવટી તંત્ર

લુણાવાડા,
ગુજરાતમાં જાણે કોરોનાએ એક્સિલેટર દબાવ્યું હોય તેમ સતત રેકોર્ડ પોઝિટિવ કોરોના કેસ નોંધાઈ રહ્યા છે. ત્યારે રાજય સરકારે પણ કોરોના ગાઈડલાઈનનો અલમ કરવા અપીલ કરી છે અને રાજયના ચાર શહેરોમાં રાત્રિ કરફ્યુનો સમય પણ લંબાવી દીધો છે. ત્યારે મહિસાગર જિલ્લાની સ્થિત પણ સારી નથી. અહિં દિનપ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે. જેના પગલે લુણાવાડા નગરમાં આવેલ ગીચ બજારો તંત્ર દ્વારા કન્ટેનમેન્ટ જાહેર કરી દેવાયા છે. જેથી બજારો આજથી પંદર દિવસ સુધી બંધ કરાવી દેવામાં આવ્યા છે.



મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા નગરમાં ગીચતાવાળા બજારો ૧૫ દિવસ સુધી તંત્ર દ્વારા પોલીસની મદદથી આજથી બંધ કરાવવામાં આવ્યા છે. લુણાવાડા નગરના બસ સ્ટેશન પાછળ આવેલ બજાર તેમજ વાવવાળા માર્કેટ બજાર, માંડવી બજાર, પરા બજાર, સુપર માર્કેટ સહિતના મોટાભાગના ગીચવાળા કે જયાં મોટા ભાગના લોકો ખરીદી કરવા આવે છે અને મોટી ભીડ જામે છે. જેથી છેલ્લા કેટલાય દિવસથી મહિસાગર જિલ્લામાં વધી રહેલા કોરોના પોઝિટિવ દર્દીઓ સંક્રમણના કારણે કેસોમાં વધારો નોંધાતો હોવાથી બજારો કન્ટેનમેન્ટ વિસ્તાર જાહેર કરી દેવામાં આવ્યા છે.

### કયા કયા વિસ્તાર બંધ રહેશે

- બસ સ્ટેશન પાછળના બજારમાં.
- વાવ વાળા માર્કેટ બજાર.
- માંડવી બજાર.
- પરા બજાર.
- સુપર માર્કેટ.

વકરતા કોરોના સંક્રમણને જોતા આજે વહેલી સવારથી પ્રાંત અધિકારી, મામલતદાર સહિત લુણાવાડા પોલીસ કાફલો મળી આજે લુણાવાડાના બજારો બંધ કરાવ્યા હતા અને આજથી પંદર દિવસ સુધી બજારો બંધ રાખવા તંત્ર દ્વારા વેપારીઓને જણાવવામાં આવ્યું છે. જેથી વેપારીઓ પણ ધંધા-રોજગાર બંધ રહેવાથી રોષે ભરાયેલા જોવા મળી રહ્યા છે.

### લુણાવાડા પ્રાંત અધિકારી દ્વારા ૧૫ દિવસ માટે વેપાર-ધંધા બંધ રાખવાનો નિર્ણય

લુણાવાડા પ્રાંત અધિકારી દ્વારા તમામ વેપાર ધંધાઓ કોરોનાના વધતા જતાં કેસને ધ્યાનમાં લઈ સંક્રમણ અટકાવવા માટે ૧૫ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાંત અધિકારી દ્વારા ૧૫ દિવસ સુધી વેપાર ધંધા બંધ રાખવાના નિર્ણયને લઈ વેપારીઓ ચિંતામાં મુકાયા છે. બીજ સ્ટેન્ડમાં કોરોના સંક્રમણ ઝડપ થી ફેલાઈ રહ્યું છે સાથે મૃત્યુઆંક પણ જ્યારે રાજ્યમાં વધી રહયો છે. ત્યારે લોકોના આરોગ્યની ચિંતા કરીને લુણાવાડામાં વેપાર ધંધા ૧૫ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### લુણાવાડાના લારી-ગલ્લા એસોશીએસન દ્વારા ત્રણ દિવસ ધંધા બંધ રાખવાનો નિર્ણય

લુણાવાડામાં વધતા જતા કોરોના કેસને પગલે લારી ગલ્લાવાળા એસોશીએસન દ્વારા તા.૦૨/૦૩/૨૦૨૧ થી તા.૨૪/૦૪/૨૦૨૧ થી ત્રણ દિવસ માટે સ્વૈચ્છિક રીતે શાકભાજી તેમજ ફ્રુટ તેમજ હાથલારીઓ સ્વૈચ્છિક રીતે બંધકરેલ છે. મહિસાગર જીલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં કોરોના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. તેને જોતા લુણાવાડા લારી ગલ્લા એસોશીએસન દ્વારા સ્વૈચ્છિક બંધ પાડવાનો નિર્ણય લઈને નાના ધંધા રોજગારવાળા ધંધાદારીઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

### બંધ કરવાનું મુખ્ય કારણ

લુણાવાડામાં મેઈન બજારમાં ભીડભાડવાળો વિસ્તાર હોવાથી અને આ વિસ્તારમાં અગાઉના દિવસોમાં કોરોનાના કેસો વધારે હોવાથી આ વિસ્તારને કન્ટેનમેન્ટ વિસ્તાર કરવાનો હોઈ અને ભીડભાડ વધતી હોવાથી કોરોનાનો ચેપ વધુ ના ફેલાય તે માટે આ વિસ્તારોને બંધ કરવામાં આવ્યા છે.

### મહિસાગરમાં કોરોના વધવાનું કારણ

હાલ થોડા દિવસો અગાઉ સ્થાનિક સ્વરાજની ચુંટણી પૂર્ણ થઈ છે. મહિસાગર જીલ્લાનું મુખ્ય મથક લુણાવાડાને માનવામાં આવે છે. ચુંટણી ટાણે સ્થાનિક નેતાઓ દ્વારા કોરોનાની ગાઈડ લાઈનનું પાલન ન કરતા અને સાથે સોશ્યલ ડિસ્ટન્સનું પાલન ન કરતાં જીલ્લામાં કોરોના એ માથું ઉંચક્યું છે.




## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




- હાલોલ એક દિવસમાં ૧૫ પોઝીટીવ કેસ આવતાં ફફડાટ.
- ૨૦ દર્દીઓને રજા અપાઈ.
- સક્રિય દર્દીની સંખ્યા ૨૩૫.

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણ સકંજો કસી રહ્યું છે. આજરોજ જીલ્લામાં ૨૫ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં પણ આજરોજ હાલોલમાં ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં બીજા સ્ટેન્ડના કોરોના સંક્રમણ રોકેટ ગતિમાં સકંજો કસ્યો છે. પ્રતિદિન કોરોના કેસમાં વધારો થઈ રહયો છે. તે ચિંતા વધારે છે. બીજા સ્ટેન્ડના કોરોના સંક્રમણમાં મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. છેલ્લા એક સપ્તાહ થી ગોધરા શહેરમાં સંક્રમણના કેસોમાં વધારો થઈ રહયો હતો. તેમાં આજ થોડો ઘટાડો જોવા મળ્યો છે. તેની સાથે હાલોલમાં એક સાથે ૧૫ જેટલા પોઝીટીવ કેસ નોંધાયા છે. જેની સાથે સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૨૩૫ થવા પામી છે. જ્યારે ૨૦ દર્દીઓને રજા આપવામાં આવી છે. જીલ્લામાં વધતા જતા કોરોના કેસ વધારો થઈ રહ્યો છે. તે જોતાં જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્કનો ઉપયોગ અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે અને સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે.

### પંચમહાલમાં કોરોનાના કેસ

| | |
|---|---|
| ગોધરા શહેર | 03 |
| ગોધરા ગ્રામ્ય | 0૨ |
| હાલોલ | ૧૪ |
| હાલોલ ગ્રામ્ય | 0૧ |
| કાલોલ | 03 |
| કાલોલ ગ્રામ્ય | 0૨ |

## કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે કલેકટરની અધ્યક્ષ સ્થાને કોવિડ-૧૯ વેક્સિન વિષે માર્ગદર્શન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ નગરમાં કોવીડ-૧૯ નાં કેસો સામે રક્ષણ આપવા માટે તાલુકા પંચાયત ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરાની અધ્યક્ષ સ્થાને કોવિડ-૧૯ ના કેસોમાં રક્ષણ મેળવવા માટે વેક્સિન અંગેની પ્રર્વતમાન ગેરસમજ ને દુર કરવા અને નગરનાં લઘુમતી કોમના લોકો અને નગરનાં વેપારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ ઉપસ્થિત રહેલ નગરજનોને વધુમાં વધુ લોકો વેક્સિન લે તેવી અપીલ કરી હતી અને તેના ફાયદા પણ સમજાવ્યા હતાં. કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર મહેન્દ્ર સોલંકીને નગરમાં વેપારી વર્ગ, લઘુમતી વિસ્તારમાં આવેલી મસ્જિદમાં સંક્રમણ વધે નહીં તે માટે તેમણે સમજ આપી કોઈ પણ વ્યક્તિ વેક્સિન થી વંચિત ના રહે તે પ્રયાસ કરવા નગરપાલિકાના કાઉન્સિલરો ને જણાવ્યું હતું. તેમજ તાલુકા વિકાસ અધિકારી સેજલ સંગાડાને પણ મુખ્ય ગામો ડેરોલ ગામ, ડેરોલસ્ટેશન, મલાવ, એરાલ જેવાં ગામોના તલાટી કમ મંત્રી ઓને સજાગ કરી ૪૫ વર્ષ ઉપરનાં લોકો વંચિત રહી ન જાય તે માટે સાવચેત કરવામાં મદદ રૂપ થાય અને શનિવારના રોજ થી વેક્સિન ની કામગીરી શરૂ કરી દેવાય તદુપરાંત ઈન્ડસ્ટ્રીઝ, કરીયાણાના વેપારીઓ પણ જાગૃતતા લાવી વેક્સિન થી કોઈ વંચિત ન રહે તે માટે યોગ્ય સુચનો કરવામાં આવ્યાં હતાં. જેમાં જિલ્લા કલેકટર અમિત અરોરા, ડી.એસ.ઓ.એન.બી.રાજપુત, પ્રાંત અધિકારી શહેરા જય બારોટ, કાલોલ મામલતદાર પી.એમ.જાદવ, નાયબ મામલતદાર મનોજ મિશ્રા, તાલુકા વિકાસ અધિકારી સેજલ સંગાડા, નગરપાલિકાના ચીફ ઓફિસર મહેન્દ્ર સોલંકી તેમજ નગરનાં તમામ સમાજના આગેવાનો એ હાજરી આપી હતી.

## પાવાગઢ પોલીસે શિવરાજપુર પાસે ૬૧,૨૦૦/-ના વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,
પાવાગઢ પોલીસે શિવરાજપુર નજીક આવેલ જીમિયાપુરા ગામે ચોક્કસ બાતમીના આધારે છાપો મારી જિમિયાપુરા ગામે રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતા એક ઇસમને ૬૧,૨૦૦/- રૂપિયાના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત પ્રમાણે પાવાગઢ પોલીસ મથકના પી.એસ.આઇ પી.એન.સિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, શિવરાજપુર નજીક આવેલ જિમિયાપુરા ગામે રહેતો વિક્રમસિંહ રૂપસિંહ રાઠવા પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવી ગેરકાયદેસર વેચાણ કરે છે. જે બાતમીના આધારે શિવરાજપુર આઉટ પોસ્ટ પોલીસ મથકના પોલીસ કર્મચારીઓએ જિમિયાપુરા ગામે વિક્રમસિંહના ઘરે છાપો માર્યો હતો. જેમાં પોલીસની અચાનક પડેલ રેડને જોઈને વિક્રમસિંહ ભાગવા જતા પોલીસે તેને ઘેરો ઘાલી ઝડપી પાડી તેના ઘરમાં તપાસ કરતા પોલીસને ભારતીય બનાવટની વિદેશીદારૂની હોલની પેટીઓ નંગ ૧૦ જેમાં ૧૨૦ નંગ બોટલનો જથ્થો જેની અંદાજે કિંમત ૫૧,૬૦૦/- રૂપિયા તેમજ ટીન બિયરની પેટી નંગ-૪ જેમાંથી ૯૬ નંગ બોટલ જેની અંદાજે કિંમત ૯,૬૦૦/- મળી કુલ રૂપિયા ૬૧,૨૦૦/- રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે વિક્રમસિંહ રૂપસિંહ રાઠવાની સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેની મુદ્દામાલ સાથે અટકાયત કરી તેની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી છે.

## ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના તેજ ગતિ ની ચાલે

નદીસર,
ગોધરા તાલુકા ના પશ્ચિમ વિસ્તાર ના ગામોમાં રોજ આવતા કોરોના પોઝિટિવ કેસના કારણે હવે સ્પષ્ટ જણાઈ રહ્યું છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્થિતિ ચિંતાજનક થઈ રહી છે. ગોધરા તાલુકા ના નદીસર ગામે એન્ટી જન ટેસ્ટ દરમિયાન આજે વધુ ત્રણ કેસ પોઝિટિવ આવતા નદીસરમાં કુલ ૧૩ કેસ પોઝિટિવ આવ્યા છે. જેમાં ચાર વ્યક્તિઓને સારવાર બાદ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકીના દર્દીઓ હાલ હોમ આઈસોલેટ છે અને આરોગ્ય વિભાગની સૂચના મુજબ સારવાર લઈ રહ્યા છે. આ તરફ વેક્સિનની કામગીરી પણ નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આયોજન પૂર્વક શરૂ કરવામાં આવતા નદીસર ખોડિયાર ડેરી ખાતે મોટી સંખ્યામાં લોકો એ સયંભૂ વેક્સિન માટે ઉમટી પડ્યા હતા. નદીસરના પ્રથમ નાગરિક એવા સરપંચ રેખાબેન માછી તેમજ મોટી સંખ્યાના યુવાનો એ પણ વેક્સિન લીધું હતું. ગઈકાલે રામપુરા ખાતે પણ નદીસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વેક્સિનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રામજનો એ મોટી સંખ્યામાં વેક્સિન લઈને પોતાને સુરક્ષિત કર્યા હતા.

આ તરફ નદીસર, ટીંબા, કાકણપુર, સહિત ના ગામો માં આવતા કોરોનાના કેસના કારણે ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે.

## શહેરાના ભદ્રાલા ગામે ઘાસની ગંજીમાં છુપાવેલ ૧.૨૫ લાખનો દારૂ ઝડપ્યો

શહેરા,
શહેરા તાલુકાના ભદ્રાલા ગામની મહિલા લીસ્ટેડ બુટલેગરના રહેણાંક મકાનની પાછળ ઘાસની ગંજીમાં છુપાવેલ રૂ.૧ લાખ ૨૫ હજાર ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડયો. જોકે લીસ્ટેડ બુટલેગર રાબેતા મુજબ પોલીસ પકડમા આવી ના હતી.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર એન.એમ. પ્રજાપતિને બાતમી મળી હતી કે, ભદ્રાલા ગામની લીસ્ટેડ બુટલેગર સુખીબેન ઉર્ફે કોકિલાબેન ભારત ચૌહાણ પોતાન રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છૂપાવી રાખી ધંધો કરતી હોવાની ખાનગી રહે માહિતી મળી હતી. જેને લઇને પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.એસ. પટેલ અને પોલીસ સબ ઈન્સ્પેકટર એન.આર.ઢોડીયા સહિતનો પોલીસ સ્ટાફે ભદ્રાલા ગામે આવેલ પાણીની ટાંકી સામે રહેતી લિસ્ટેડ બુટલેગર સુખીબેન ઉર્ફે કોકિલાબેન ચૌહાણના રહેણાંક મકાનમાં રેડ કરી હતી. પોલીસે બુટલેગર મહિલાના રહેણાંક મકાનની પાછળ ઘાસની ગંજીમાં છૂપાવી રાખેલ દારૂની ૨૦ જેટલી પેટીઓમાં ભરેલ ૬૫૯ નંગ બોટલ જેની કિંમત રૂ.૧,૨૫,૯૦૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે લીસ્ટેડ બુટલેગર સુખીબેન ઉર્ફે કોકી વિરૂદ્ધ પ્રોહી એક્ટ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. જોકે મહિલા બુટલેગર સુખીબેન ઉર્ફે કોકિલા ચૌહાણ આ પહેલા પણ દારૂના અનેક કેસો સ્થાનિક પોલીસ મથક ખાતે નોંધાઈ ચૂક્યા છે. આ વખતે પણ પોલીસે દારૂ પર રેડ કરી ત્યારે જિલ્લાની પ્રખ્યાત બુટલેગર તરીકે જાણીતી થયેલ કોકી નામથી તે પકડાઈ ના હતી.

શહેરાના ભદ્રાલા ગામના પાણીના ટાંકા પાસે દારૂનો અડ્ડો પ્રખ્યાત બુટલેગર સુખી ઉર્ફે કોકી નો ચાલતો હતો. આ પહેલા પણ દારૂના ગુનામાં આ બુટલેગર સામે પોલીસ મથક ખાતે અનેક ફરિયાદ નોંધાઈ ચૂકી છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા મહિલા બૂટલેગર સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવે તે પણ જરૂરી છે અનેક કેસો દારૂના હોવા છતાં કોઈ પણ ડર વિના મહિલા બુટલેગર પકડાયા બાદ પણ દારૂનું વેચાણ કરતી હોય છે.

## શહેરા પાલિકા કચેરીમાં કોરોનાની એન્ટ્રી થી ફફડાટ : વેરા વસુલાત વિભાગના કલાર્કનું કોરોના થી મોત

શહેરા,
શહેરા નગર પાલિકા કચેરી ખાતે કોરોનાની એન્ટ્રી થતા અહી ફરજ બજાવતા સ્ટાફ મા ફફડાટ ફેલાયો છે.વેરા વસૂલાત વિભાગના કલાર્કનું કોરોનાથી મોત નિપજ્યુ હતું.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં કોરોનાના સંક્રમણના કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાઇ ગયો છે. નગર પાલિકા કચેરી ખાતે કોરોનાની એન્ટ્રી થઈ હતી. વેરા વસૂલાત વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા સરજુભાઈ મકવાણાની તબિયત અચાનક લથડી હતી. વડોદરા ખાતેની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતા કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા તેઓની સારવાર ચાલી રહી હતી. ગુરૂવાર ના રોજ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આરોગ્ય વિભાગ ટીમો બનાવીને કોરોના દર્દીઓ ના વિસ્તારમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામા આવે તે હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી લાગી રહયુ છે. જે રીતે કોરોના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી હોવાથી પ્રજાજનો પણ કામ વગર ઘરની બહાર નહી નીકળીને પોતાની સુરક્ષા પોતે રાખે તે હાલની પરિસ્થિતિ જોતા જરૂરી લાગી રહયુ છે.

## મોરવા(હ)ના પરબિયા ખાતે ભાજપના ઉમેદવાર દ્વારા પ્રચાર શરૂ


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),
૧૨૫-મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણી સંદર્ભે ભારતીય જનતા પાર્ટીના મોરવા હડફ વિધાનસભાના ઉમેદવાર નિમિષાબેન સુથાર દ્વારા આજરોજ ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી આદરણીય ગણપતભાઈ વસાવા સાહેબના અધ્યક્ષસ્થાને મોરવા હડફ જિલ્લા પંચાયતના પરબીયા ગામ ખાતે બેઠક યોજાયી. બેઠકમાં સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર, પંચમહાલ જિલ્લા-પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવ, પૂર્વ શાસક પક્ષ ના નેતા કકુલભાઈ પાઠક, રજાયતા જિલ્લા પંચાયત સદસ્ય વિક્રમભાઈ ડીંડોર, મોરવા હડફના ભાજપાના અધ્યક્ષ તખતસિંહજી પટેલ, મોરવા હડફ એ.પી.એમ.સી વાઈસ ચેરમેન વિજયભાઈ પટેલ, પૂર્વ મોરવા હડફ મહામંત્રી પ્રકાશભાઈ પુરોહિત, મોરવા હડફ તાલુકા પંચાયત અધ્યક્ષ ધર્મીષ્ઠાબેન માલિવાડ, પરબીયા ગામના સરપંચ પાર્વતીબેન પટેલ તથા સૌ દેવ દુર્લભ કાર્યકર્તાઓની વિશાળ ઉપસ્થિતિમાં ૧૨૫-મોરવા હડફ વિધાનસભાના ભાજપા ના ઉમેદવાર નિમિષાબેન સુથારને વિજયી બનાવવાનો શંખનાદ કર્યો હતો અને મોટી સંખ્યા માં ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મોરવા(હ) પેટા ચૂંટણીના જનરલ ઓબઝર્વર કોરોના પોઝેટીવ

મોરવા(હ) પેટા ચૂંટણીના જનરલ ઓબઝર્વર હરપ્રિતસિંહ સેની ને કોરોના એન્ટીજન ટેસ્ટ કરાતાં તેઓનો રિપોર્ટ પોઝેટીવ આવ્યો હતો. તેઓને ગોધરા સર્કીટહાઉસ ખાતે હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યાં છે. ત્યારે મોરવા(હ)ની પેટા ચૂંટણીમાં ઓબઝર્વર તરીકેની કામગીરીમાંથી મુક્ત કરવા જીલ્લા કલેકટર દ્વારા ચૂંટણી પંચને રિપોર્ટ કરવામાં આવે છે.

## ગોધરા બામરોલી રોડ પરથી બે પશુઓને પોલીસે બચાવ્યા



ગોધરા તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, શનિયાડા ચોકડી તરફ થી પીકઅપ ડાલામાં કત્તલના ઈરાદે પશુઓ ભરીને વેજલપુર લઈ જવાતા હોય તેવી બાતમીના આધારે બામરોલી ચોકડી ઉપર નાકાબંધી કરી પીકઅપ ડાલાને ઝડપી પાડી કત્તલ માટ લઈ જવાતા બે પશુઓ સહિત ૨,૩૨,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકા પોલીસને બાતમી મળી હતી કે, શનિયાડા ચોકડી તરફ પીકઅપ ડાલા નંબર જીજે.૦૯.એકસ.૮૬૧૦માં કત્તલના ઈરાદે પશુઓ ભરીને બામરોલી બાયપાસ થઈ વેજલપુર તરફ લઈ જનાર છે. તેવી બાતમીના આધારે નાકાબંધી કરી બાતમીના પીકઅપ ડાલાને રોકી બે નંગ બળદ કિંમત ૩૦,૦૦૦/-રૂપીયા પીકઅપ ડાલું બે મોબાઈલ મળી ૨,૩૨,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પશુ સંરક્ષણ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ છે.